15

# આર્થિક વિકાસ





- આર્થિક વિકાસ
- વિકાસશીલ અર્થતંત્રનાં લક્ષણો
- આર્થિક અને બિન આર્થિક પ્રવૃત્તિઓ
- ભારતીય અર્થકારણનું માળખું
- ઉત્પાદનનાં સાધનો
- ઉત્પાદનનાં સાધનોની ફાળવણી
- ઉત્પાદનનાં સાધનોની ફાળવણીની પદ્ધતિઓ

## 1. આર્થિક વિકાસ એટલે શું ? ભારતમાં આર્થિક વિકાસ થઈ રહ્યો છે એમ શાથી કહી શકાય ?



- આર્થિક વિકાસ એક એવી પ્રક્રિયા છે કે જેમાં દેશની રાષ્ટ્રીય આવકમાં તેમજ લોકોની માથાદીઠ આવકમાં વધારો થાય છે. જેના પરિણામે લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે.
- ભારતમાં આઝાદી પછીનાં વર્ષોમાં લોકોની માથાદીઠ આવકમાં ક્રમશઃ વધારો થયો છે.
- દેશમાં ખોરાક, રહેઠાણ, કાપડ, કોલસો, વીજળી, અન્ય વપરાશી વસ્તુઓ વગેરેનો વપરાશ વધ્યો છે.
- શિક્ષણ, આરોગ્ય, પરિવહન અને સંચાર સેવાઓનો વપરાશ વધ્યો છે.
- જેના પરિણામે લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે.
- અગાઉની સરખામણીમાં જરૂરિયાતો વધુ સારી રીતે સંતોષાય છે.
- આથી કહી શકાય કે ભારતમાં આર્થિક વિકાસ થઇ રહ્યો છે.



## 2. માથાદીઠ આવક એટલે શું ?

- વર્ષ દરમિયાન મળતી દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાગતા જે આંક મળે તે સરેરાશ આવક ગણાય છે. એ સરેરાશ આવકને માથાદીઠ આવક કહેવામાં આવે છે.

## 3. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત ચર્ચો.

### 1. વિકાસની પ્રક્રિયાના આધારે

- આર્થિક વિકાસ એ ગુણાત્મક અને આર્થિક વૃદ્ધિ એ પરિમાણાત્મક છે. આર્થિક વિકાસ એ પ્રથમ અવસ્થા છે, જ્યારે આર્થિક વૃદ્ધિ એ આર્થિક વિકાસ પછીની અવસ્થા છે.

### 2. અર્થતંત્રમાં થતા પરિવર્તનને આધારે

- અર્થતંત્રમાં થતાં નવાં સંશોધનોના આધારે ઉત્પાદનમાં થતો વધારો એ આર્થિક વિકાસ છે.
  **દા.ત.** ખેતી ક્ષેત્રમાં ઘઉં, ડાંગર જેવા પાકમાં નવાં બિયારણોની શોધ થતાં ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો. આ બાબત આર્થિક વિકાસ દર્શાવે છે. બીજી તરફ ખેડાણ લાયક જમીનમાં વધારો થવાથી ખેતીલાયક ઉત્પાદનમાં વધારો થાય તેને આર્થિક વૃદ્ધિ કહે છે.

### 3. વિકસિત અને વિકાસશીલ દેશોના સંદર્ભમાં

- વિકસિત અને વિકાસશીલ દેશોના સંદર્ભમાં પણ બંને વચ્ચે તફાવત જોવા મળે છે. વિકસિત દેશોની રાષ્ટ્રીય આવકમાં થતો વધારો એ આર્થિક વૃદ્ધિ કહેવાય, જ્યારે વિકાસશીલ દેશોની રાષ્ટ્રીય આવકમાં થતો વધારો એ આર્થિક વિકાસ કહેવાય.

## 4. વિકાસશીલ અર્થતંત્રના લક્ષણો ચર્ચો.



### 1. નીચી માથાદીઠ આવક

- વિકાસશીલ અર્થતંત્ર ધરાવતા દેશોની વસ્તીવૃદ્ધિનો દર ઊંચો હોવાથી માથાદીઠ આવક ઓછી હોય છે. પરિણામે લોકોનું જીવનધોરણ નીચું રહે છે.

### 2. વસ્તીવૃદ્ધિ

- આ દેશોમાં વસ્તીવૃદ્ધિનો વાર્ષિક દર 2% કે તેથી વધારે હોય છે.



### 3. કૃષિક્ષેત્ર પર અવલંબન

- આ દેશોની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ખેતી છે. દેશના 60% કરતાં વધારે લોકો રોજગારી માટે ખેતી પર આધારિત હોય છે. દેશની રાષ્ટ્રીય આવકમાં ખેતીનો ફાળો 25% ની આસપાસ હોય છે.

### 4. આવકની વહેંચણીની અસમાનતા






- આ દેશોમાં રાષ્ટ્રીય આવક તેમજ ઉત્પાદનનાં સાધનોની માલિકી અને વહેંચણીમાં ઘણી અસમાનતા હોય છે.
- આ અસમાનતા ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં પ્રવર્તે છે.
- આ દેશોમાં આવક અને સંપત્તિનું કેન્દ્રીકરણ ખૂબ અલ્પ સંખ્યાના લોકોમાં થયેલું હોય છે.
- આ દેશોમા દેશના ટોચના 20% ધનિક લોકો રાષ્ટ્રીય આવકનો 40% હિસ્સો ધરાવતા હોય છે; જ્યારે તળિયાના 20% ગરીબ લોકો રાષ્ટ્રીય આવકનો 10% હિસ્સો ધરાવતા હોય છે.

### 5. બેરોજગારી



- આ દેશોમાં બેરોજગારીનું કુલ પ્રમાણ શ્રમિકોના 3% કરતાં વધારે હોય છે.
- આ દેશોમાં મોસમી, છૂપી (પ્રચ્છન્ન), ઔદ્યોગિક અને અન્ય પ્રકારની બેરોજગારીનું પ્રમાણ વધારે છે. વળી, બેરોજગારીનો સમયગાળો પણ ખૂબ લાંબો હોય છે.

### 6. ગરીબી



- આ દેશોમાં ગરીબ લોકોનું પ્રમાણ દેશની કુલ વસ્તીના લગભગ ત્રીજા ભાગ જેટલું હોય છે.
- આ દેશોમાં વ્યાપક ગરીબી માટે તીવ્ર બેરોજગારી અને આવકની અસમાન વહેંચણી જવાબદાર છે.

### 7. દ્વિમુખી અર્થતંત્ર

- આ દેશોમાં અર્થતંત્રનું સ્વરૂપ દ્વિમુખી છે.
- આ દેશોના ગ્રામવિસ્તારોમાં પછાત ખેતી, જૂની યંત્રસામગ્રી, પછાત અને રૂઢિચુસ્ત સામાજિક માળખું, ઓછું ઉત્પાદન, તીવ્ર ગરીબી, વ્યાપક બેરોજગારી વગેરે પ્રવર્તે છે; જ્યારે શહેરી વિસ્તારોમાં અદ્યતન ઉદ્યોગો, મૂડી-પ્રધાન ઉત્પાદન-પદ્ધતિ, નવાં નવાં યંત્રોનો બહોળો ઉપયોગ, આધુનિક વૈભવી જીવનશૈલી વગેરે જોવા મળે છે.

### 8. પાયાની અપર્યાપ્ત સેવાઓ

- આ દેશોમાં વિકાસ માટે અનિવાર્ય એવી આંતરમાળખાકીય સગવડો તેમજ સેવાઓ જેવી કે સંચાર અને પરિવહન, વહાણવટું અને બંદરો, વીજળી, બૅન્કિંગ, શિક્ષણ, આરોગ્ય વગેરે પૂરતા પ્રમાણમાં ઊંચી ગુણવત્તાવાળી હોતી નથી. પરિણામે આ દેશોનો વિકાસ અવરોધાય છે.

### 9. આંતરરાષ્ટ્રીય વ્યાપારનું સ્વરૂપ

- આ દેશો મુખ્યત્વે કૃષિ-પેદાશો, બગીચા-પેદાશો તેમજ કાચી ધાતુઓની નિકાસ કરે છે. જેની માંગ ઓછી હોય છે અને ભાવો નીચા હોય છે. પરિણામે તેમની નિકાસ કમાણી ઓછી હોય છે.
- આ દેશો ઔદ્યોગિક પેદાશો અને યંત્રસામગ્રીની આયાત કરે છે, જેના ભાવો વધારે હોવાથી આયાતી ખર્ચ વધારે રહે છે.
- આમ, એ દેશોના વિદેશ વ્યાપારનું માળખું પ્રતિકૂળ રહેવાથી દેશ પર વિદેશી દેવું વધતું જાય છે.

## 5. તફાવત સ્પષ્ટ કરો : આર્થિક પ્રવૃતિ અને બિનઆર્થિક પ્રવૃતિ


| આર્થિક પ્રવૃત્તિ | બિનઆર્થિક પ્રવૃત્તિ |
|---|---|
| ◆ ચીજવસ્તુઓ કે સેવાઓના વિનિમય દ્વારા આવક મેળવવાની કે ખર્ચવાની પ્રવૃતિને આર્થિક પ્રવૃતિ કહે છે. | ◆ જે પ્રવૃત્તિનો હેતુ આવક મેળવવાનો કે પ્રત્યક્ષ બદલો મેળવવાનો હોતો નથી, તે પ્રવૃત્તિને બિનઆર્થિક પ્રવૃત્તિ કહે છે. |
| ◆ **દા.ત.**, ખેડૂત, કારીગર, વેપારી, શિક્ષક, ડૉક્ટર, વકીલ, ઇજનેર વગેરેની પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ કહેવાય. | ◆ **દા.ત.**, માતા પોતાના બાળકને ઉછેરે, ડૉક્ટર ફી લીધા વિના ગરીબ દર્દીઓની સેવા કરે, વ્યક્તિ સમાજસેવાનાં કાર્યો કરે વગેરેની પ્રવૃત્તિને બિનઆર્થિક પ્રવૃત્તિ કહેવાય. |
| ◆ તેઓ આવક મેળવીને અથવા ખર્ચ કરીને જુદી જુદી વસ્તુઓ અને સેવાઓ મેળવે છે. | ◆ તેઓ કોઈપણ સ્વરૂપના બદલાની અપેક્ષા વિના કામ કરતા હોવાથી તેમની પ્રવૃત્તિઓ બિનઆર્થિક પ્રવૃત્તિઓ કહેવાય છે. |

## 6. ભારતીય અર્થકારણનાં માળખાનો પરિચય આપો.

- ભારતના અર્થતંત્રની આર્થિક પ્રવૃત્તિઓ કે વ્યવસાયોને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે :
- આર્થિક પ્રવૃત્તિના આ વિભાગોને વ્યાવસાયિક માળખા તરીકે ઓળખવામાં આવે છે.

### 1. પ્રાથમિક ક્ષેત્ર

- આ વિભાગમાં ખેતી, પશુપાલન, પશુસંવર્ધન તેમજ મરઘાં-બતકાં, જંગલો, કાચી ધાતુઓનું ખોદકામ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
- સામાન્ય રીતે વિકાસશીલ દેશોમાં પ્રાથમિક ક્ષેત્રનું પ્રભુત્વ હોય છે. પરંતુ જેમ જેમ દેશનો આર્થિક વિકાસ થાય છે તેમ તેમ માધ્યમિક અને સેવાક્ષેત્રોની સાપેક્ષતામાં પ્રાથમિક ક્ષેત્રનું મહત્વ ઘટતું જાય છે. પ્રાથમિક ક્ષેત્રની તુલનામાં માધ્યમિક અને સેવાક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે.




### 2. માધ્યમિક ક્ષેત્ર



- આ વિભાગમાં નાનાં-મોટા યંત્રો, બાંધકામ, વીજળી, ગૅસ અને પાણીનો પુરવઠો વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર ઉદ્યોગ તરીકે પણ ઓળખાય છે.
- તેમાં ટાંકણીથી લઈને મોટા યંત્રો સુધીનું ઉત્પાદન કરવામાં આવે છે.

### 3. સેવાક્ષેત્ર





- આ વિભાગમાં વ્યાપાર, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય, બૅન્કિંગ, વીમો, મનોરંજન વગેરે સેવાકીય આર્થિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
- ભારતીય અર્થતંત્રમાં રોજગારી અને રાષ્ટ્રીય આવકમાં સેવાક્ષેત્રનો ફાળો નોંધપાત્ર પ્રમાણમાં વધ્યો છે.

## 7. ઉત્પાદનનાં સાધનો ક્યાં છે તે જણાવી, દરેક સાધનની સમજૂતી આપો.


- ઉત્પાદનનાં સાધનો કુલ ચાર છે.

### 1. જમીન



- સામાન્ય અર્થમાં જમીનને આપણે પૃથ્વીની સપાટીના ઉપલા પડ તરીકે ઓળખીએ છીએ.
- પરંતુ અર્થશાસ્ત્રની પરિભાષામાં જમીન એટલે તમામ પ્રકારની કુદરતી સંપત્તિ કે જેમાં પૃથ્વીની સપાટી પર આવેલાં જંગલો નદીઓ, પર્વતો, પૃથ્વીના પેટાળમાં આવેલાં ખનીજો, ધાતુઓ વગેરેનો સમાવેશ જમીનમાં થાય છે.
- આમ, જમીન એ ઉત્પાદનનું કુદરતી સાધન છે.

### 2. મૂડી



- ઉત્પાદનની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવામાં આવતાં માનવસર્જિત સાધનો જેવાં કે યંત્રો, ઓજારો, મકાનો વગેરેનો સમાવેશ મૂડીમાં થાય છે.

### 3. શ્રમ



- ભૌતિક વળતરની અપેક્ષાએ કરવામાં આવતા કોઈ પણ શારીરિક કે માનસિક કાર્યને શ્રમ કહે છે. શ્રમ એ ઉત્પાદનનું સજીવ સાધન છે.
- ખેત મજૂરો, કામદારો, શિક્ષકો, ડૉક્ટરો, કારીગરો વગેરેના કાર્યને શ્રમ કહે છે.

### 4. નિયોજન (નિયોજક)




- ઉત્પાદનની પ્રક્રિયામાં જમીન, મૂડી અને શ્રમ જેવાં ત્રણેય સાધનોનું કુશળતાપૂર્વક સંયોજન કરનાર વ્યક્તિને નિયોજક કહે છે. આ ત્રણેય સાધનોને યોજનાપૂર્વક ઉત્પાદનમાં જોડવાની કામગીરીને નિયોજન કહેવાય.

## 8. ઉત્પાદનનાં સાધનોની ફાળવણી કઈ બાબતોને લક્ષમાં રાખીને કરવી જોઈએ ? ચર્ચો.

### અમર્યાદિત જરૂરિયાતો

- માનવીની જરૂરિયાતો અસંખ્ય અને અમર્યાદિત છે. તેનો કદી અંત આવતો નથી.
- એક જરૂરિયાતમાંથી બીજી અનેક જરૂરિયાતો ઉદ્‌ભવે છે. ઘણી જરૂરિયાતો વારંવાર સંતોષવી પડે છે.
- કેટલીક જરૂરિયાતો વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે ઉદ્‌ભવે છે. આમ, અનેક કારણોસર જરૂરિયાતો અમર્યાદિત બને છે.



### જરૂરિયાતોનો અગત્યાનુક્રમ

- અમર્યાદિત જરૂરિયાતોની સામે ઉત્પાદનનાં સાધનો મર્યાદિત હોવાથી કઈ જરૂરિયાતો વધુ અગત્યની છે તે નક્કી કરી, જરૂરિયાતોને અગત્યાનુક્રમ મુજબ સંતોષવી પડે છે.
- જે જરૂરિયાત વધુ અગત્યની હોય તેને પ્રથમ સંતોષવી પડે અને ત્યારપછી અન્ય જરૂરિયાતો.
- આમ, ઉત્પાદનનાં સાધનો મર્યાદિત હોવાથી જરૂરિયાતોનો અગત્યાનુક્રમ નક્કી કરવો પડે છે.



### મર્યાદિત સાધનો

- કુદરતી સંપત્તિ અને માનવીય સંપત્તિ એ ઉત્પાદનનાં મુખ્ય સાધનો છે.
- આ સાધનો મર્યાદિત છે. તેથી તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો પડે અને પસંદ કરેલી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઉત્પાદનનાં સાધનોની ફાળવણી કરવી પડે.



### સાધનોનો વૈકલ્પિક ઉપયોગ

- ઉત્પાદનનું કોઈ સાધન એક કરતાં વધારે ઉપયોગમાં આવતું હોય, તો તે અનેક ઉપયોગો ધરાવે છે.
- તે સાધનોનો એક સમયે એક જ ઉપયોગ થઈ શકે છે. તેથી આ ઉપયોગ વૈકલ્પિક છે એમ કહેવાય.
- જેમ કે, ખેતીલાયક જમીનમાં કપાસનો પાક વાવીએ તો ઘઉં, શેરડી કે અન્ય પાકો લઈ શકાતા નથી. એ જમીનના અન્ય ઉપયોગો જતા કરવા પડે છે.
- આમ, ઉત્પાદનનાં સાધનોના અનેક ઉપયોગો છે, પરંતુ આ વૈકલ્પિક ઉપયોગો છે.



**કારણ આપો...**
ઉત્પાદનના સાધનો વૈકલ્પિક ઉપયોગો ધરાવે છે.

## 9. બજાર પદ્ધતિનો પરિચય આપો.




- બજાર પદ્ધતિ ઉત્પાદનનાં સાધનોની ફાળવણીની એક પદ્ધતિ છે. તેને 'મૂડીવાદી પદ્ધતિ' તરીકે ઓળખવામાં આવે છે.
- તેમાં ઉત્પાદનનાં સાધનોની ફાળવણી નફાના આધારે કરવામાં આવે છે.
- તેમાં ઉત્પાદન અને તેની સાથે સંકળાયેલા આર્થિક નિર્ણયોમાં કેન્દ્ર સ્થાને નફો હોય છે.
- સાહસિક લોકો મુખ્યત્વે નફાકારક ઉદ્યોગોમાં મૂડીરોકાણ કરે છે.
- આ પદ્ધતિમાં બજારતંત્ર સંપૂર્ણપણે મુક્ત હોય છે.
- તેમાં બજારતંત્રમાં સરકારની કોઇ ચોક્કસ આર્થિક નીતિઓની ભૂમિકા હોતી નથી.
- તેમાં રાજ્યનો હસ્તક્ષેપ ન હોવાથી તેને 'મુક્ત અર્થતંત્ર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- બજાર પદ્ધતિના હરીફાઇયુક્ત બજારમાં મહત્તમ નફો મેળવવા કાર્યક્ષમતાને વધુ મહત્ત્વ આપવું પડે છે. આ પ્રક્રિયાને કારણે નવાં નવાં સંશોધનો થાય છે અને ઉત્પાદનની નવી પદ્ધતિઓ શોધાય છે. પરિણામે મહત્તમ ઉત્પાદન થાય છે, જેથી દેશનો આર્થિક વિકાસ ઝડપથી થાય છે.
- આમ, આ પદ્ધતિમાં 'સ્પર્ધા કે હરીફાઇ'નું તત્ત્વ સમગ્ર બજાર પર નિયંત્રણ રાખે છે.
- યૂ. એસ. એ., જાપાન, ઇંગ્લેન્ડ વગેરે દેશોએ બજાર પદ્ધતિ અપનાવીને પોતાનો આર્થિક વિકાસ કર્યો છે.










## 10. બજાર પદ્ધતિના લક્ષણો જણાવો.

➡ બજાર પદ્ધતિનાં - બજારતંત્રનાં - મૂડીવાદનાં લક્ષણો નીચે પ્રમાણે છે.

- તેમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી ખાનગી કે વ્યક્તિગત હોય છે.
- તેમાં ઉત્પાદનનાં સાધનોની ફાળવણી નફાને આધારે કરવામાં આવે છે.
- તેમાં આર્થિક નિર્ણયો ભાવતંત્રને આધારે લેવાય છે.
- તેમાં વ્યક્તિગત લાભ કે નફાને ધ્યાનમાં રાખીને આર્થિક નિર્ણયો લેવાય છે.
- તેમાં ગ્રાહકોને પસંદગી કરવાની વિપુલ તકો મળે છે.
- સરકારનો હસ્તક્ષેપ બજારમાં હોતો નથી. તેથી આ પદ્ધતિને 'મુક્ત અર્થતંત્ર' તરીકે પણ ઓળખવામાં આવે છે.






## 11. બજાર પદ્ધતિના લાભ જણાવો.

➡ બજાર પદ્ધતિ એટલે કે મૂડીવાદના લાભ નીચે પ્રમાણે છે.

- બજાર પદ્ધતિથી વ્યક્તિનું આર્થિક સ્વાતંત્ર્ય જળવાય છે.
- તેમાં ઉત્પાદનનાં સાધનોનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ થાય છે.
- નિયાજકોની નફાવૃત્તિને કારણે વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે.
- તેમાં અર્થતંત્રમાં સતત નવાં નવાં સંશોધનો થતાં રહે છે, જેથી દેશના આર્થિક વિકાસને વેગ મળે છે.
- તેમાં હરિફાઇનું તત્ત્વ હોવાથી ચીજવસ્તુઓની ગુણવત્તા શ્રેષ્ઠ બને છે.
- લોકોની જરૂરિયાતો પ્રમાણે ઉત્પાદન અને વહેંચણી થાય છે, તેથી જરૂરિયાતો મહત્તમ પ્રમાણમાં સંતોષાય છે.
- બજાર પદ્ધતિ હેઠળ લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે.






## 12. બજારતંત્રની મર્યાદાઓની ચર્ચા કરો.

- આ પદ્ધતિમાં નફાને કેન્દ્રમાં રાખીને ઉત્પાદન થાય છે, તેથી દેશમાં મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન વધારે થાય છે, જ્યારે પ્રાથમિક જરૂરિયાતોનું ઉત્પાદન ઓછું થાય છે.
- તેમાં બજારતંત્રમાં રાજ્યની કોઇ ભૂમિકા ન હોવાથી કુદરતી સંપત્તિનો દુર્વ્યય થાય છે.
- ગ્રાહકોની બજાર વિશેની અજ્ઞાનતાને કારણે તેમનું શોષણ થાય છે.
- બજાર પદ્ધતિમાં ઉત્પાદનમાં સાધનોની ખાનગી માલિકી હોવાથી સંપત્તિ અને આવકનું કેન્દ્રીકરણ થાય છે, જેથી આવકની અસમાનતામાં વધારો થાય છે.
- આ પદ્ધતિમાં ઈજારાશાહી વિકસે છે. તે ગ્રાહકો અને મજૂરોનું શોષણ કરે છે.

## 13. સમાજવાદી પદ્ધતિનાં લક્ષણો જણાવો.

- સમાજવાદી પદ્ધતિમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી રાજ્યની હોય છે.
- તેમાં બધા જ આર્થિક નિર્ણયો રાજ્યતંત્ર દ્વારા લેવામાં આવે છે.
- આ પદ્ધતિની આર્થિક પ્રવૃતિઓના કેન્દ્રમાં નફો નહિ, પરંતુ સમાજકલ્યાણ હોય છે.
- તેમાં શ્રમિકોને કામના બદલામાં વેતન આપવામાં આવે છે.
- તેમાં વ્યક્તિને આર્થિક સ્વાતંત્ર્ય અને અંગત પસંદગીનું સ્વાતંત્ર્ય હોતું નથી.
- તેમાં રાજ્ય-સંચાલિત કારખાનાંને ઉત્પાદન માટે જરૂરી મૂડી, નાણું, કાચો માલ, યંત્રસામગ્રી વગેરે પૂરાં પાડવામાં આવે છે.
- આ પદ્ધતિમાં ઉત્પાદનની વહેંચણી કરવાની જવાબદારી રાજ્ય-સંચાલિત દુકાનો સંભાળે છે.
- આ પદ્ધતિમાં આવકની વહેંચણી વાજબી અને સમાન ધોરણે થાય છે. પરિણામે દેશમાં ગરીબો અને શ્રીમંતો વચ્ચેના તફાવતો દૂર થાય છે અને શોષણ નાબૂદ થાય છે.



## 14. સમાજવાદી પદ્ધતિના લાભ જણાવો.

➡ સમાજવાદી પદ્ધતિના મુખ્ય લાભ નીચે પ્રમાણે છે.

- આ પદ્ધતિમાં સમાજની જરૂરિયાતો મુજબ ઉત્પાદન થવાથી બિન જરૂરી કે મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન થતું નથી.
- તેમાં ઉત્પાદનોનાં નિર્ણયો રાજ્યતંત્ર દ્વારા લેવાય છે, તેથી કુદરતી સંપત્તિનો દુર્વ્યય થતો નથી.
- આવક અને સંપત્તિની અસમાનતા દૂર થાય છે.
- ગ્રાહકોનું શોષણ થતું નથી.

## 15. સમાજવાદી પદ્ધતિની ખામીઓ જણાવો.

- આ પદ્ધતિમાં ઉત્પાદનમાં સાધનોની માલિકી રાજ્યની હોય છે, તેથી ચીજવસ્તુઓના ઉત્પાદનને ઉત્તેજન મળતું નથી.
- તેમાં સ્પર્ધા કે હરીફાઇના તત્ત્વનો અભાવ હોવાથી અર્થતંત્રમાં સંશોધનને ગતિ મળતી નથી.
- આ પદ્ધતિમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય જળવાતું નથી.
- તેના અર્થતંત્રમાં રાજ્યનો સંપૂર્ણ હસ્તક્ષેપ હોય છે, તેથી અમલદાર શાહીનો ભય પ્રવર્તે છે.




## 16. મિશ્ર અર્થતંત્રની વ્યાખ્યા આપી, તેના લક્ષણો જણાવો.

**વ્યાખ્યા**

- મિશ્ર અર્થતંત્ર એટલે એક એવી આર્થિક પદ્ધતિ કે જેમાં જાહેર અને ખાનગી ક્ષેત્રનું સહઅસ્તિત્વ હોય અને બંને ક્ષેત્રો એકબીજાનાં હરીફ નહિ, પરંતુ પૂરક બનીને કામ કરતાં હોય.

**સાધનોની ફાળવણી**

- મિશ્ર અર્થતંત્રમાં ખાનગી અને જાહેર ક્ષેત્રનું સહઅસ્તિત્વ હોય છે.
- ભારે ઉદ્યોગો, સંરક્ષણ સામગ્રીનાં કારખાનાં, રેલવે, વીજળી, સિંચાઇ, રસ્તાઓ વગેરે પાયાનાં ચાવીરૂપ ક્ષેત્રોની જવાબદારી જાહેર ક્ષેત્રને સોંપવામાં આવે છે. એટલે કે આ ક્ષેત્રોની માલિકી રાજ્ય સરકારની હોય છે.
- કૃષિ, વ્યાપાર, ઓછું મૂડીરોકાણ ધરાવતા ઉદ્યોગો, વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો વગેરે ખાનગી ક્ષેત્રમાં રહે છે. એટલે કે આ ક્ષેત્રોની માલિકી વ્યક્તિગત હોય છે.







- મિશ્ર અર્થતંત્રમાં બજારો સંપૂર્ણપણે સ્વતંત્ર હોતાં નથી.
  **દા.ત.**, (1) સમાજમાં અનિચ્છનીય વસ્તુઓનું ઉત્પાદન થતું અટકાવવા માટે રાજ્ય એ વસ્તુઓ પર ઊંચા કરવેરા નાખે છે.
  (2) પછાત વિસ્તારોમાં ઉદ્યોગોની સ્થાપના માટે રાજ્ય દ્વારા સબસિડી, કરવેરામાં રાહત જેવાં પ્રોત્સાહનો આપે છે.
  (3) રાજ્ય ખેત-પેદાશો માટે લઘુતમ અને ભાવ ટેકાની નીતિનો અમલ કરે છે.
- મિશ્ર અર્થતંત્રમાં આર્થિક નિર્ણયોની પ્રક્રિયામાં આર્થિક આયોજનને મુખ્ય સ્થાન આપવામાં આવે છે.
- આ પદ્ધતિની ઉત્પાદન-પ્રક્રિયા પર અંકુશો કે નિયંત્રણો હોવાથી તે 'નિયંત્રિત આર્થિક પદ્ધતિ' તરીકે પણ ઓળખાય છે.

### મિશ્ર અર્થતંત્રની ખામીઓ

- મિશ્ર અર્થતંત્રમાં આર્થિક અસ્થિરતા, સંકલનનો અભાવ, આર્થિક વિકાસનો નીચો દર, આર્થિક નીતિઓમાં સાતત્યનો અભાવ વગેરે મર્યાદાઓ જોવા મળી છે.

## 17. જરૂરિયાતો અમર્યાદિત હોય છે. સમજાવો.

- માનવીની જરૂરિયાતો અસંખ્ય અને અમર્યાદિત છે. તેનો કદી અંત આવતો નથી. તે સતત વધતી જાય છે.
- એક જરૂરિયાત સંતોષાય ત્યાં બીજી ઉદ્ભવે છે.
- ઘણી વાર જરૂરિયાતો વારંવાર સંતોષવી પડે છે.
- કેટલીક જરૂરિયાતો વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસને કારણે ઉદ્ભવે છે.
- **દા.ત.**, જેને ચાલીને કામ પર જવું પડતું હોય તેને સાઇકલની જરૂરિયાત જણાય છે; પરંતુ સાઇકલ મળ્યા પછી તે સ્કૂટર મેળવવાની ઇચ્છા સેવે છે.
- જે મળે એનાથી અસંતુષ્ટ રહેવાની માનવીના સ્વભાવની આ લાક્ષણિકતાને કારણે મનુષ્યના જીવનના અંત સુધી તેની જરૂરિયાતોનો અંત આવતો નથી.



## 18. તફાવત સમજાવો : બજાર પદ્ધતિ (મૂડીવાદી પદ્ધતિ) અને સમાજવાદી પદ્ધતિ

| બજાર પદ્ધતિ (મૂડીવાદી પદ્ધતિ) | સમાજવાદી પદ્ધતિ |
|---|---|
| ◆ મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદનનાં સાધનો ખાનગી માલિકીનાં હોય છે. | ◆ સમાજવાદી આર્થિક પદ્ધતિમાં ઉત્પાદનનાં સાધનો રાજ્યની માલિકીનાં હોય છે. |
| ◆ આ પદ્ધતિમાં આર્થિક નિર્ણયો નાણું અને ભાવતંત્રની મદદથી લેવાય છે. | ◆ આ પદ્ધતિમાં નિર્ણયો કેન્દ્રીય સત્તા એટલે કે રાજ્ય લે છે. |
| ◆ આ પદ્ધતિમાં વ્યક્તિ આર્થિક સ્વાતંત્ર્ય અને અંગત પસંદગીનું સ્વાતંત્ર્ય ભોગવે છે. | ◆ આ પદ્ધતિમાં વ્યક્તિને આર્થિક સ્વાતંત્ર્ય અને અંગત પસંદગીનું સ્વાતંત્ર્ય હોતું નથી. |
| ◆ આ પદ્ધતિમાં ઉત્પાદકો નફો કરવાના ઉદ્દેશથી ઉત્પાદન-પ્રવૃત્તિ હાથ ધરે છે. | ◆ આ પદ્ધતિમાં નફાવૃત્તિને સ્થાન હોતું નથી. બધા ઉત્પાદક એકમો સમાજનું હિત ધ્યાનમાં રાખીને કામ કરે છે. |
| ◆ આ પદ્ધતિમાં હરીફાઇનું તત્ત્વ હોય છે. | ◆ આ પદ્ધતિમાં હરીફાઇના તત્ત્વનો અભાવ હોય છે. |
| ◆ આ પદ્ધતિમાં સમાજમાં ગરીબ અને ધનિક એવા વર્ગો હોય છે અને તેમની વચ્ચે સંઘર્ષ જોવા મળે છે. | ◆ આ પદ્ધતિ સમાજમાંથી વર્ગભેદને નાબૂદ કરે છે. તેમાં વર્ગવિહીન સમાજરચનાનો ઉદ્દેશ હોય છે. |

## 19. તફાવત સમજાવો : જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર

| જાહેર ક્ષેત્ર | ખાનગી ક્ષેત્ર |
|---|---|
| ◆ જાહેર ક્ષેત્ર એટલે રાજ્યની માલિકીનો ઉત્પાદન એકમ. | ◆ ખાનગી ક્ષેત્ર એટલે એક વ્યક્તિ કે અનેક વ્યક્તિઓની માલિકીનો ઉત્પાદન-એકમ. |
| ◆ જાહેર ક્ષેત્રમાં એકમનું સંચાલન રાજ્ય નિયુક્ત પગારદાર નિયામકો કરે છે. | ◆ ખાનગી ક્ષેત્રના એકમની માલિકી કે તેનું સંચાલન એક વ્યક્તિ કે ભાગીદારોના હસ્તક હોય છે. |
| ◆ ભારે ચાવીરૂપ ઉદ્યોગો, સંરક્ષણ-સામગ્રીના ઉત્પાદન માટેનાં કારખાનાં, રેલવે, વીજળી, બૅન્કો, વીમો, મોટી સિંચાઇ યોજનાઓ વગેરે ક્ષેત્રોની માલિકી સમાન્ય રીતે જાહેર ક્ષેત્રની હોય છે. | ◆ ખેતી, છૂટક અને જથ્થાબંધ વેપાર, નાના ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગો વગેરેની માલિકી ખાનગી ક્ષેત્રની હોય છે. |
| ◆ વિપુલ મૂડીરોકાણની જરૂર હોય, સમાજિક કલ્યાણ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્ત્વનાં હોય તેવાં ઉત્પાદન ક્ષેત્રો જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવામાં આવે છે. | ◆ વપરાશી વસ્તુઓના ઉદ્યોગો, ઓછાં જોખમી તેમજ ઓછું મૂડીરોકાણ ધરાવતાં ક્ષેત્રોનો સમાવેશ ખાનગી ક્ષેત્રમાં કરવામાં આવે છે. |
| ◆ જાહેર ક્ષેત્રની અમુક સેવાઓ કે વસ્તુઓના ઉત્પાદનમાં રાજ્ય ઈજારો ધરાવતું હોવાથી કેટલીકવાર વસ્તુઓ કે સેવાઓની ગુણવત્તા જળવાતી નથી. | ◆ ખાનગી ક્ષેત્રના એકમો વ્યક્તિગત દેખરેખ નીચે ચાલતા હોવાથી વસ્તુઓના ઉત્પાદનની ગુણવતા જાળવવામાં ચોકસાઇ રાખવામાં આવે છે. |